

**તાઃ ૧૮/૧૧/૨૫ : શાળાકીય કક્ષાએ રાજય સ્તરીય તેરમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત કિવઝ સ્પર્ધા યોજાઇ જેમાં કુલ ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.** આ સ્પર્ધામાં રાજપૂત માનવસિંહ આર.(૧૧ વિ.પ્ર) પ્રથમ ક્રમાંક મેળવી જિલ્લા કક્ષાએ ભાગ લેશે.સમગ્ર સ્પર્ધાનું સંચાલન શિક્ષકશ્રી અલ્પેશભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યું.

## સફળ વ્યકિત

* સફળ વ્યકિત હંમેશા કોઇપણ સમસ્યાના નિરાકરણની શોધમાં રહેતી હોય છે.
* સફળ માણસો કોઇપણ કાર્ય પાર પાડવા માટે પોતાનું સમયપત્રક બનાવે છે.
* સફળ લોકો હંમેશા કહેતા હોય છે કે ‘ચાલો, તમારૂ આ કામ હું કરી આપું.
* સફળ લોકો પાસે દરેક સમસ્યાનું નિરાકરણ હોય છે.
* સફળ લોકો હંમેશા એમ કહેતા હોય છે કે ‘એ કદાચ થોડું મુશ્કેલ હશે, પણ શકય તો છે જ”.
* સફળ વ્યકિત જયારે ભૂલ કરે છે ત્યારે કહે છે કે ‘ એ ભૂલ મારી હતી”.
* સફળ વ્યકિત વચનથી બંધાયેલ છે.
* સફળ વ્યકિતઓ પાસે યોજનાઓ હોય છે.
* સફળ લોકો એમ માનતા હોય છે કે મારે કાંઇક કરવું જ જોઇએ.
* સફળ લોકો નિતિ ધ્યેય સાથે કામ કરતા સંગઠનમાં કામ કરે છે.
* સફળ લોકો હંમેશા નજર સમક્ષની સફળતાને કારણે મળનારી કીર્તિ અને લક્ષ્ય તરફ ધ્યાન કેન્દ્રીત કરે છે.
* તેઓ હર હંમેશ નવી વસ્તુ શીખે છે,

## નિષ્ફળ વ્યકિત

* નિષ્ફળ લોકો હંમેશા સમસ્યા શોધવામાં વ્યસ્ત રહેતા હોય છે.
* નિષ્ફળ લોકો પાસે એ કામ પાર પાડવાને બદલે કાલ ઉપર ટાળવાનાં અનેક બહાના હોય છે.
* નિષ્ફળ લોકો એક જ વાત કહેતા હોય છે કે “આ મારું કામ નથી”.
* નિષ્ફળ લાકો એમ કહેતા હો છે કે,’એ કદાચ શકય હશે પણ ખૂબ મુશ્કેલ છે.”
* જયારે નિષ્ફળ માણસો ભૂલ કરે છે. ત્યારે એમ કહે છે કે ‘ એ ભૂલ મારી ન હતી.”
* નિષ્ફળ માણસો માત્રવાયદાઓ કર્યે રાખે છે.
* નિષ્ફળ વ્યકિતઓ પાસે માત્ર હવાઇ કિલ્લારૂપી યોજનાઓ હોય છે.
* નિષ્ફળ લોકો એમ માનતા હોય છે કે કાંઇક તો થવુ જ જોઇએ.
* નિષ્ફળ લોકો સંગઠનમાં અવરોધ પેદા કરે છે.
* નિષ્ફળ લોકો એ કીર્તિ પ્રાપ્ત કરવા માટે પડતા કષ્ટનો વિચાર કરી હિંમત હારી જાય છે.
* તેઓ એમ માને છે કે તેમને બધું આવડે છે.

## હિંમત ન હારો

જયારે ધાર્યુ કામ પાર ન પડે,
એવું બનવું હોય છે કતયારેક,
જયારે માર્ગમાં માત્ર કપરાં ચઢાણ જ હોય,
જયારે ભંડોળ ઓછું,પરંતુ કરજ વધારે હોય,
જયારે ઇચ્છા હસવાની હોય,પર ચોધાર આંસુએ રડવું પડે,
જયારે ચિંતા ચિતાસમાન બની જાય,
ત્યારે આરામ જરૂર કરો,પણ હિંમત ન હારો.

ભુલભુલામણીભર્યુ છે આ જીવન,
કાંટાળી કેડીનો અનુભવ પણ કરવો જ પડે છે બધાએ,
એ સૌ નિષ્ફળ થયા,જેઓ પીઠ દેખાડી પાછા ફરી ગયા,
પણ જેણે સામનો કર્યો એ પાર ઊતરી આગળ વધતા ગયા,
ધીમી છે ગતિ તો શું?
ધીરજ અને હિંમત રાખશો તો જરૂર મળશે કિનારો.

સફળતા કતયાંક છુપાયેલી છે નિષ્ફળતામાં-
જેમ કાળી ડિબાંગ રાત્રિમાં એક આશાનું કિરણ,
મળી શકશે એ વચ્ચેનું અંતર,
દેખાય છે એ જ જોજનો દૂર પણ શકય છે ખૂબ નજદીક હોય;
હિંમતથી કરો સામનો એનો,
**દઢ નિશ્ચય અને ધીરજથી સામનો કરો,**
**હિંમત ન હારો.**